# અનુક્રમ


1. નાનકડી ધરા . . . . . . . . . . . . . . . . . . . .1
2. ખુશ અને કાગુ . . . . . . . . . . . . . . . . . . 4
3. હું છું બિલ્લી . . . . . . . . . . . . . . . . . . 7
4. ચકલી, કીડી અને ખિસકોલી . . . . . . . . 9
5. અમે આકાશનાં પંખી . . . . . . . . . . . . .11
6. ગટ્ટુનું મ્યાઉં . . . . . . . . . . . . . . . . . . . .14
7. પરીઓના દેશમાં રીવા . . . . . . . . . . . .17
8. થેન્ક યૂ, દદ્દુ . . . . . . . . . . . . . . . . . 20

# નાનકડી ધરા

નાનકડી ધરાના ઘર સામે જ એક તળાવડી હતી. આ તળાવડી આજુબાજુ રહેતાં બધાં બાળકોની પ્રિય જગ્યા હતી. તળાવડીની ચારે બાજુ ખુલ્લી જગ્યા હતી. બાળકો ત્યાં રમતાં. બાળકો સારી રીતે રમી શકે એ માટે લોકોએ ત્યાં સુંવાળી રેતી નખાવી હતી. તળાવડી ખૂબ સુંદર અને સ્વચ્છ હતી. બાળકો પણ સ્વચ્છતા જાળવતાં. વળી, તળાવડી ઊંડી પણ નહોતી. એમાં ડૂબી જવાનો ભય નહોતો. એથી વડીલો એમનાં બાળકોને ચિંતા વગર ત્યાં રમવા જવા દેતાં. ધરા પણ દરરોજ અહીં રમવા આવતી અને દોસ્તો સાથે મજા કરતી.

આજે ધરા રમવા આવી ત્યારે એના દોસ્તો હજુ આવ્યા નહોતા. એ તળાવડી પાસે ગઈ. એણે પાણીમાં એક સુંદર મજાની સોનેરી માછલી જોઈ. માછલી રડતી હતી. એની બે દોસ્ત માછલીઓએ એને પકડી રાખી હતી.

ધરાએ સોનેરી માછલીને પૂછ્યુંઃ 'તું રડે છે કેમ?'



જવાબ એની એક દોસ્ત માછલીએ આપ્યોઃ 'એ બહુ તોફાની છે. એને ભૂસકા મારવાનો બહુ શોખ છે.'

સોનેરી માછલીએ પણ ઉમેર્યુંઃ 'આજે ભૂસકો મારવા જતાં હું પાણીમાં મોટા પથ્થર પર અથડાઈ. મને શરીરના પાછળના ભાગમાં બહુ વાગ્યું. મારી પૂંછડી મરડાઈ ગઈ. હવે મને ત્યાં બહુ દુખે છે.' એટલું કહી એ ફરી રડવા લાગી.

સોનેરી માછલીની વાત સાંભળીને ધરાને એની દાદી યાદ આવી. એણે માછલીને કહ્યુંઃ 'મારી દાદીને પગમાં મોચ આવી જાય કે દુખાવો થાય ત્યારે એ પાર્વતીઆન્ટીને બોલાવે. આન્ટી એમને તેલથી માલીશ કરી આપે. પછી દાદીને ધીરેધીરે સારું થઈ જાય. તું પણ તેલ-માલીશ કરાવ, તને સારું થઈ જશે.'

માછલી ઢીલા અવાજે બોલીઃ 'પણ મારી પાસે તેલ ક્યાં છે? અને મને કોણ માલીશ કરી આપે?'

ધરા કહેઃ 'એ વાત સાચી.' થોડો વિચાર કરીને એણે કહ્યુંઃ 'ઊભી રહે, હું મારે ઘેરથી માલીશનું તેલ લઈ આવું છું. મેં પાર્વતીઆન્ટીને માલીશ કરતાં જોયાં છે. હું તને માલીશ કરી આપીશ. મારું ઘર અહીં સામે જ છે. હમણાં જ તેલ લઈને આવું છું. તમે અહીં જ રહેજો.'

ધરા દોડતી ઘેર ગઈ અને દાદીની માલીશના તેલની શીશી લઈ આવી. સોનેરી માછલી અને બીજી બે માછલીઓ એની રાહ જોતી હતી.

ધરાએ સોનેરી માછલીને કહ્યુંઃ 'હવે તું તળાવમાંથી બહાર આવ તો તને માલીશ કરી આપું.'

માછલી કહેઃ 'હું બહાર કેમ આવું? પાણી વગર તો હું જીવી જ ન શકું ને?'

ધરા કહેઃ 'હા, એ વાત તો હું ભૂલી જ ગઈ.' પછી તરત જ એને એક ઉપાય સૂઝ્યો. આસપાસ પડેલા પથ્થરોમાંથી એને કામ લાગે એવો પથ્થર શોધવા લાગી. એવો એક પથ્થર મળ્યો. એણે એ પથ્થર તળાવડીના કિનારે પાણીની સપાટીને અડે એમ મૂક્યો. પછી એણે સોનેરી માછલીને કહ્યુંઃ

'હવે તું તારું મોઢું અને અર્ધું શરીર પાણીમાં ડૂબે એમ રાખ અને તારી પૂંછડી આ પથ્થરના ટેકે બહાર રાખ. એટલે હું એના પર માલીશ કરી શકું.'

સોનેરી માછલીએ એ પ્રમાણે કર્યું. એ અર્ધી પાણીની અંદર અને અર્ધી બહાર પથ્થરને ટેકો દઈને ઊભી રહી. ધરાએ શીશીમાંથી થોડું તેલ એની નાનકડી હથેળીમાં લીધું. એ માલીશ કરવા માછલીની પૂંછડીને અડકી ત્યાં જ માછલી ચીસ પાડી ઊઠી.

ધરાએ કહ્યુંઃ 'શરૂઆતમાં થોડું દુખશે, સહન કરી લે. પછી ધીમેધીમે સારું લાગશે.'

ધરા એની તેલવાળી નાનકડી આંગળીઓ માછલીની પૂંછડી પર હળવેહળવે ફેરવવા લાગી. માછલીને ખરેખર સારું લાગવા માંડ્યું. થોડી વારમાં તો એનો દુખાવો સાવ મટી ગયો. માછલી રાજી થઈ ગઈ.

એ હસતી હસતી બોલીઃ 'મને સારું થઈ ગયું! મને સારું થઈ ગયું!' એની બંને દોસ્ત માછલીઓ પણ ખૂબ ખુશ થઈ ગઈ. ત્રણેય માછલીઓએ ધરાનો આભાર માન્યો.

ધરાએ સોનેરી માછલીને કહ્યુંઃ 'હવેથી તોફાન ન કરજે અને જ્યાંત્યાં ભૂસકા ન મારજે.'

સોનેરી માછલીએ પ્રોમિસ આપ્યુંઃ 'હવે પછી કદી એવું નહીં કરું.' પછી અચાનક બોલીઃ 'ધરા, ઊભી રહેજે, હું હમણાં જ આવું છું.' એટલું કહી એ પાણીમાં સરકી ગઈ.



પાછી આવી ત્યારે એના મોઢામાં સુંદર મજાનું કમળનું ફૂલ હતું. એણે એ ફૂલ ધરાને આપ્યું અને કહ્યુંઃ 'લે, આ મારા તરફથી તને ભેટ. ને સાંભળ, તું અમને મળવા આવતી રહેજે.'

ધરાએ કહ્યુંઃ 'હા, હવે તો આપણે દોસ્ત બની ગયાં. હું ચોક્કસ તમને મળવા આવીશ.'

એણે ત્રણેય માછલીઓને આવજો કહ્યું અને સુંદર મજાનું કમળનું ફૂલ મળ્યું એથી રાજી થતી ઘેર ગઈ.